# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તાઃ ૨૧/૦૫/૨૦૨૨

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર તથા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ઉદ્યોગકારોને 'ફાયનાન્શિયલ આસિસ્ટન્સ ટુ ઇન્ટીગ્રેટેડ લોજિસ્ટીકસ ફેસિલિટીઝ', ' ફાયનાન્શિયલ આસિસ્ટન્સ ટુ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક', 'ઇન્સેન્ટીવ સ્કીમ ફોર ટેક્ષ્ટાઇલ પાર્ક' અને 'આસિસ્ટન્સ ટુ એમએસઇએસ ફોર શેડ ડેવલપ બાય પ્રાઇવેટ ડેવલપર' સ્કીમ વિશે ઉદ્યોગકારોને માહિતી અપાઇ

### ગુજરાત રાજ્યની 'ઇન્સેન્ટીવ સ્કીમ ફોર ટેક્ષ્ટાઇલ પાર્ક' ટેક્ષ્ટાઇલ એન્સીલરી અને મશીનરી માટેના એકમોનો સમાવેશ કરવા તથા 'આસિસ્ટન્સ ટુ એમએસઇએસ ફોર શેડ ડેવલપ બાય પ્રાઇવેટ ડેવલપર' સ્કીમ અંતર્ગત ૫૦ થી ૨૫૦ સ્કવેર મીટર શેડની જોગવાઇ કરવા ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીનો જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારીઓને અનુરોધ

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતના સંયુકત ઉપક્રમે શુક્રવાર, તા. ૨૦ મે, ૨૦૨૨ ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે 'ફાયનાન્શીયલ આસિસ્ટન્સ ટુ ઇન્ટીગ્રેટેડ લોજિસ્ટીકસ ફેસિલિટીઝ' સ્કીમ વિશે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતના ડેપ્યુટી કમિશનર ઓફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ જનરલ મેનેજર એમ. કે. લાદાણીએ ઉદ્યોગકારોને મહત્વની સ્કીમો વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

એમ. કે. લાદાણીએ 'ફાયનાન્શિયલ આસિસ્ટન્સ ટુ ઇન્ટીગ્રેટેડ લોજિસ્ટીકસ ફેસિલિટીઝ' સ્કીમ વિશે જણાવ્યું હતું કે, આ સ્કીમ હેઠળ લોજિસ્ટીક પ્રોજેકટના કુલ ડેવલપમેન્ટ કોસ્ટના ૨૫ ટકા અથવા રૂપિયા ૧૫ કરોડ સુધીની કેપીટલ સબસિડી મળવા પાત્ર છે. જેમાં લેન્ડ કોસ્ટનો સમાવેશ થતો નથી. ઇન્ટરેસ્ટ સબસિડી સાત વર્ષ માટે ૭ ટકા તેમાં પણ વધુમાં વધુ વાર્ષિક રૂપિયા ૫૦ લાખ સુધી મળવા પાત્ર છે. આ સ્કીમ અંતર્ગત સ્ટેમ્પ ડયુટી પરત

મળશે અને ઈલેકટ્રીસિટી ડયુટીમાંથી પાંચ વર્ષ સુધી રાહત મળશે. સરકારનો પ્રયાસ લોજિસ્ટીક કોસ્ટ ઓછો કરવાનો છે. જેમાં લોજિસ્ટીક સમય પણ ઘટાડી શકાય છે.

તેમણે 'આસિસ્ટન્સ ફોર ઇન્ડસ્ટ્રીયલ ઇન્ફ્રાસ્ટ્રકચર' સ્કીમ વિશે ઉદ્યોગકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે, આ સ્કીમ હેઠળ પ્રોજેકટ કોસ્ટના ૮૦ ટકા સુધીની રકમ ઉપર અથવા વધુમાં વધુ રૂપિયા ૨૫ કરોડ સુધીની સહાય મળવા પાત્ર રહેશે. સ્ટેક હોલ્ડરે પહેલાંથી જગ્યા લઇને રાખી હશે તો આ સ્કીમ અંતર્ગત જગ્યા માટે નહી પણ જગ્યાને ડેવલપ કરવા માટે સહાય મળવા પાત્ર રહેશે.

'ફાયનાન્શિયલ આસિસ્ટન્સ ટુ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક' સ્કીમ અંતર્ગત બિલ્ડીગ માટે તેમજ ઇન્ફ્રાસ્ટ્રકચર ફેસિલીટીઝ માટે ફિકસ કેપીટલ ઇન્વેસ્ટમેન્ટ સહાયને પાત્ર રહેશે. આ પાર્કમાં કામદારો માટે હોસ્ટેલ તેમજ ડોરમેટ્રી હાઉસિસ બનાવવા માટે રૂપિયા ૨૦ કરોડના ઇન્વેસ્ટમેન્ટ ઉપર ૨૫ ટકા સુધીની સબસિડી મળવા પાત્ર રહેશે. સ્ટેટ લેવલ એમ્પાવર્ડ કમિટી દ્વારા પ્રોજેકટને મંજૂરી મળ્યા બાદ ૨૦ હેકટર, ૫૦ હેકટર અને ૧૦૦ હેકટરના પ્રોજેકટને અનુક્રમે ૫, ૭ અને ૧૦ વર્ષની સમય મર્યાદામાં પૂર્ણ કરવાનો રહેશે. આ સ્કીમ હેઠળ ડેવલપમેન્ટ માટે ઓછામાં ઓછો ૨૦ હેકટર વિસ્તાર હોવો અનિવાર્ય છે.

'ઇન્સેન્ટીવ સ્કીમ ફોર ટેક્ષ્ટાઇલ પાર્ક' અંતર્ગત ટેક્ષ્ટાઇલ પાર્કમાં ટેક્ષ્ટાઇલના ૮૦ ટકા એકમોનો સમાવેશ હોવો અનિવાર્ય છે. 'આસિસ્ટન્સ ટુ એમએસઇએસ ફોર શેડ ડેવલપ બાય પ્રાઇવેટ ડેવલપર' સ્કીમ હેઠળ પ્રાઇવેટ ડેવલપર્સ શેડ બનાવશે અને ત્યારપછી એમએસએમઇને આપશે.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ સેમિનારમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે ગુજરાત રાજ્યની ટેક્ષ્ટાઇલ પાર્ક માટેની ઇન્સેન્ટીવ સ્કીમમાં ટેક્ષ્ટાઇલની એન્સીલરી અને મશીનરી માટેના એકમોનો પણ સમાવેશ કરવામાં આવે તેવો અનુરોધ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતના ડેપ્યુટી કમિશનર ઓફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ જનરલ મેનેજર એમ.કે. લાદાણીને કર્યો હતો. 'આસિસ્ટન્સ ટુ એમએસઇએસ ફોર શેડ ડેવલપ બાય પ્રાઇવેટ ડેવલપર' સ્કીમમાં ૫૦ સ્કવેર મીટરથી ૧૦૦ સ્કવેર મીટરના શેડ બનાવવાની જોગવાઇ કરવામાં આવી છે. આથી આ સ્કીમમાં ૫૦ સ્કવેર મીટરથી ૨૫૦ સ્કવેર મીટરના શેડ બનાવવાની જોગવાઇ કરવામાં આવે તેમ તેમણે અધિકારીઓને જણાવ્યું હતું.

ચેમ્બરના ગૃપ ચેરમેન ભદ્રેશ શાહે સેમિનારનું સંચાલન કર્યું હતું. અંતે ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ હિમાંશુ બોડાવાલાએ સર્વેનો આભાર માન્યો હતો અને સેમિનારનું સમાપન કર્યું હતું.